# UP વિધાનસભા ચૂંટણી: શાસક અને જનતાની કસોટી

સારાંશ
★વિન્સી મરચન્ટ



લગભગ સાત-આઠ મહિના પછી ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને મણિપુર રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ યોજાશે, તેમાં પંજાબ અને ઉત્તરાખંડ મોટાં રાજ્યો છે પણ ઉત્તર પ્રદેશ તો દુનિયાના કેટલાંક મોટી વસ્તીવાળા દેશોથી પણ વસ્તીની રીતે ખૂબ આગળ છે. પૃથ્વીના નકશામાં અગિયાર ટકાથી વધુ ભૂભાગ ધરાવતા રશિયાની વસ્તી ચૌદ કરોડ ત્રીસ લાખ છે. ભારતમાં છેલ્લે ૨૦૧૧માં વસ્તી ગણતરી થઈ ત્યારે સત્તાવાર આંકડો ૧૯ કરોડ ૯૮ લાખ (વીસ કરોડ સમજો) જાહેર કરાયો હતો. હાલમાં વસ્તી ગણતરી ચાલુ છે અને વસ્તી વૃદ્ધિની પેટર્ન પ્રમાણે નવો આંક ૨૪ કરોડ ૩૫ લાખની આસપાસ ધારવામાં આવે છે. ઉત્તર પ્રદેશ જો કોઈ દેશ હોત તો વસ્તીની રીતે તે દુનિયામાં છઠ્ઠા ક્રમનો દેશ હોત.

આ ઉત્તર પ્રદેશને સંભાળવો અને અરાજક પ્રદેશમાંથી સુશાસિત પ્રદેશમાં ફેરવવો તે કામ અસાધારણ માનસિક શક્તિ, નિષ્ઠા અને ત્યાગ માંગી લે છે. છતાં રામજન્મભૂમિ મંદિરમાં તેના રક્ષકો જ ભક્ષકો બને તેવા કિસ્સાઓ ઘટે છે. આ ઘટનાએ યોગીજી અને ભાજપની શાખને બટ્ટો લગાડ્યો છે. નાગપુરના બ્રાહ્મણોની ટોચના હોદ્દા પર પકડ ધરાવતા આરએસએસ પાસે આ કશું જ બોલવાના શબ્દો રહ્યા નથી. કોણ કેટલું ગુનેગાર છે, કોણ પેંડા બનીને પેંડા ખાતું હતું તે અપારદર્શક બનાવાયેલા પરિદ્રશ્યમાં કહેવું મુશ્કેલ છે છતાં વાણી, વર્તન  પરથી અંદાજ મળે છે કે કૌભાંડ પ્રગટ થયું, તપાસ નિમવામાં આવી અને ઢાંકોઢૂંબો કરવાના મહાપ્રયાસો વચ્ચે પણ ઘણું ખરું પ્રગટ થયું. આ પ્રાગટ્ય માત્ર શ્રી યોગીજીના સંનિષ્ઠ પ્રયત્નોને કારણે શક્ય બન્યું છે.

પરંતુ જન સામાન્ય આ વાત, આ આંટીઘૂંટીઓ સમજી શકશે? યોગીજીની પ્રબળ ઈચ્છાશક્તિ માત્ર ‘પ્રબળ ઈચ્છાશક્તિ’ શબ્દો વાપરવાથી નહીં સમજી શકાય. પરંતુ એમનાં કામોનું, એમની સામેના પડકારોનું સિંહાવલોકન કરીએ તો સમજી શકાય. રોજના ધોરણે લડાઈઓ લડવી પડતી હોય છે. તબ જાકેં પેદા હોતા હૈ ચમન મેં દીદાવર. ધર્મમાંના પાખંડીઓ, ધૂતારાઓ લોકોની શ્રદ્ધાને જડમૂળમાંથી હચમચાવી મૂકે છે. ભલભલા લોકોનું મન ધર્મ પ્રત્યે અશ્રદ્ધા જાગે છે, પરંતુ યોગીજી જેવાં યોગીને જોઈએ તો જરૂર લાગે કે આ એ જ સનાતન ધર્મ છે જેણે ત્યાગી રાજયોગીઓની વ્યાખ્યા, વ્યવસ્થા સદીઓથી સ્થાપિત કરે છે. આ ભાવનાઓ, સિદ્ધાંતો રોજબરોજનાં દર્શનો, ઢોંગ ધતિંગો કથિત વગેરેથી અલગ છે. તે કાળ જેવી છે અને સદૈવ સત્ય છે, સાંપ્રત છે.

હવે મહત્ત્વનો સવાલ અમુક ભારતીયોને, અમુક સાચા દેશભક્તોને પજવશે તે એ છે કે જનસામાન્ય આ ફરક પાડી શકશે? સમજી શકશે? કે પછી તથાકથિત આસ્થાના અને આશથાભંગની લાગણીઓના ઘોડાપૂરમાં યોગીજીને પણ શિકાર બનાવશે? એમને પણ બાકીના બધા નેતાઓ, ધાર્મિક કોન્ટ્રેક્ટરો, ધાર્મિક લૂંટના કોન્ટ્રેક્ટરોની પંગતમાં ગોઠવીને નિર્ણય લેશે? આવનારી ચૂંટણીઓ આબાબતમાં પ્રજાની નિર્ણય શક્તિ, સારાસારનો વિવેક અને સત્યના આગ્રહનો પરિચય કરાવશે. યોગીજી માટે આ એક પડછંદ કસોટી પુરવાર થશે. લોકશાહીમાં પ્રજાનું સામુહિક ચારિત્ય પણ પુરવાર થતું હોય છે તે થશે. ચૂંટણીઓ તો લોકશાહી ભારતમાં સેંકડો-હજારો આવી અને ગઈ. પરંતુ પ્રજા અને શાસકોના ખરા આધ્યાત્મિક બળના લેખા જોખા થાય એવી આ પ્રથમ ચૂંટણીઓ હશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશનું ધન, શક્તિઓ અને શ્રમ બચાવવા માટે દરેક ચૂંટણીઓ એક સાથે પાંચ વરસે યોજવાની હિમાયત કરી રહ્યા છે. આ એક સારો વિચાર છે, પણ વ્યવહારમાં તેનાં પરિણામો ઊલટા આવશે અને જરૂર આવશે. તે લોકો જોઈ રહ્યા છે. જન સામાન્ય સમજે છે કે નાની મોટી, ખાસ કરીને નગર નિગમ, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ આવે ત્યારે રસ્તાઓ રિપેર થઈ જાય છે. સ્ટ્રીટ લાઈટો રિપેર તાય છે. વીજળીનાં અતાર્કિક બિલો આવતાં અટકી જાય છે, અને જે તે વિસ્તારના લોકશાહીય તેમજ શાસકીય અધિકારીઓ પ્રજા સમક્ષ બે અઢી વરસે અચાનક પ્રગટ થાય છે. મને કમને સ્થિતિનું સંજ્ઞાન લેવાની ફરજ પડે છે. અન્યથા તેઓના સારા દિવસોના સમયમાં લગભગ બધા જ ગાયબ હોય છે. માટે ભલે ખર્ચાળ નિવડે, પણ વારંવાર આવતા ચુનાવ અચ્છે હૈ. એ અર્થમાં ઉત્તરપ્રદેશનો ચૂંટણીઓ પણ સારી પુરવાર થશે. બે પરિણામો આપશે. બાજપ માટે હાર અથવા જીત. જીત મળશે તો નક્કી થશે કે લોકોમાં સારાસારનો વિવેક છે. જો હારી જશે તો એપુરવાર થશે કે નેતાગણ જે બાબતોને ગંભીરતાથી લેતું નથી તે બાબત પ્રજાને ખૂબ ખૂંચે છે. ઘણી વખત પ્રજા તત્કાળ અસહ્ય તબને એવા પ્રત્યાઘાતો આપતી નથી, પરંતુ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલની સજ્જડ હાર બાદ તૃણમૂલના નપાવટ નેતાઓ, તેની નેતાગીરીની જે અવદશા થઇ તે પરથી સ્પષ્ટ સંકેત મળે ચે કે પ્રજા ભૂલતી પણ નથી. ઉત્તરપ્રદેશમાં મામલો અલગ છે. સરકારના ચોપડે બે હિસાબ સારાં કામો નોંધાયેલાં છે. વિકાસની સ્પષ્ટગતિ પકડી છે અને તે પ્રમાણ અને ઝડપ જારી રાખવા જરૂરી છે. ત્યારે પ્રજા પણ અવઢવમાં મૂકાઈ જશે. શું એક ઘટના યોગીના સારાં કામો પર પાણી ફેરવી દેશે? લૂંટની ઘટનાં તો એમ વિચારવા પ્રેરે છે કે યોગીજીના વિરોધીઓએ એમને નીચા દેખાડવા માટે અજેય બનેલાને હરાવવા માટે આ ષડયંત્ર રચ્યું હતું. કારણ કે યોગીજીની તેમાં કોઈ સંડોવણી નથી. ‘નરો વા કુંજરો વા’ પણ એક ષડયંત્રનો એક ભાગ હોઈ શકે છે.

**શું એક ઘટના યોગીના સારાં કામો પર પાણી ફેરવી દેશે? લૂંટની ઘટનાં તો એમ વિચારવા પ્રેરે છે કે યોગીજીના વિરોધીઓએ એમને નીચા દેખાડવા માટે અજેય બનેલાને હરાવવા માટે આ ષડયંત્ર રચ્યું હતું**

આ પાશ્રાદભૂમિ વચ્ચે એનડીએ ગઠબંધન અને સમાજવાદી પક્ષ (એસપી) વચ્ચેનો ટકરાવ ખૂબ મહત્વનો બની રહેશે. વાતવાતમાં વિદેશ જતાં રહેતાં રાહુલ ગાંધી પણ હમણાં ઘણા દિવસોથી વિદેશમાં હતા. એમને ભારતનો ઉનાલો માફક નથી. હમણાં તો ગાય થઈ ગયા છે એવો પોસ્ટરો નવી દિલ્હીમાં લાગ્યા હતા. ભલા માણસો સામાન્ય મહેનતકશ પ્રજા માટે આ ઉનાળો સહ્ય નથી. જયારે સદાકાળ વરસે કરોડોની વીજળી એરકન્ડીશનરો માટે બાળતાં રાહુલથી આ તાપ કેવી રીતે સહન થાય? મિડલ કલાસના લોકો થાય એટલી ગરમી સહન કરે છે, કારણ કે વીજળીનાં ઊંચાં બિલ આવે. ન રહેવાય, ન સહેવાય ત્યારે બેસાડી રાખેલું એરકન્ડીશનર ચાલુ કરે છે. વીજળી બોર્ડોને બીલની ઊંચી રકમ લખવા માટે માત્ર ‘મેં મહિના’નું કારણ જોઈએ. રાહુલ ને આવી કોઈ સરકારી પરખડનવૃતિનો સામનો કરવો પડતો નથી. છતાં પણ દેશના પ્રશ્નો ફૂટી નિકળ્યા હોય, દેશમાં હાજરી જરૂરી હોય ત્યારે વિદેશ ભાગવું પડે છે તે રાહુલની નપાવતા નહીં. પરંતુ ઊનાળાનું સંહારક સ્વરૂપ વ્યક્ત કરે છે. હાલમાં રાહુલ ગાયબ થઈ ગયા હતા અને થતા રહેશે પરંતુ ચૂંટણીઓ લાડવો લૂંટવાની વાત આવશે. ત્યારે આવીને અખિલેશ યાદવની સાથે પંગતમાં ગોઠવાઈ જશે. ઈન્ડિયા ગઠબંધનના લીરે લીરા ઊડી રહ્યા છે. અખિલેશ યાદવ રાહુલને કેટલી ઈજ્જત આપે છે તે ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના વજન પર નિર્ભર હશે. હાલમાં વજન ઘટી ગયું છે.

હમણાં અખિલેશ માટે વાવાઝોડામાં ઊડતું આવીને મોંમાં પતાસુ ઘૂસી ગયું છે. આઝમ ખાનના ચેલા, અતિક પર મુસ્તાક, સૈફઈના રાજા, રાણી ડિમ્પલના ભરથાર રજવાડું પાછું મળવાની સંભાવના પ્રબળ બનતાં ગેલમાં આવી ગયા છે. અયોધ્યાના મામલે નાનાં નાના વાક્યોથી એવા કટાક્ષો કરે છે કે એનડીએ ગઠબંધન પાસે કોઈ યોગ્ય જવાબ હોતો નથી. એનડીએનો તોતાજાય હાલમાં એ જવાબ સુધી મર્યાદિત રહે છે કે રામદ્રોહીઓને બોલવાનો કોઈ અધિકાર નથી. પરંતુ દેશની કરોડોની જનતાએ રામદ્રોહીઓને હરાવી દીધા હતા, એમની રામદ્રોહી કરતૂતો અને કાવતરાંઓ સબબ એ જનતાને બોલવાનો અને સરકાર પાસે જવાબ માગવાનો બરાબર અધિકાર છે. તેઓએ ચૂંટેલી સરકારનું ઊત્તરદાયિત્વ છે કે જવાબ આપે. જો આરીતે જૂના ગૂનેગારોની આડશમાં છૂપાઈને જવાબ અપાશે તો લોકો વધુ શંકાશીલ બનશે. એ ખોટા આક્રોશને સરકારના ગેંગે ફેંફેનો અનુવાદ સમજશે. હારી ગયેલા, નાકામ લોકોને નેતાઓ, સરકારો આટલું મહત્ત્વ શા માટે આપે છે? ચોળીને, લંબાવીને ચોળીને ચીકણું કરવામાં એનડીએનું જ નુકસાન છે. એવું સુજ્ઞ નેતાઓ જરૂર જાણતા હશે. છતાં ચીકણું કરે છે તો જરૂર કોઈ મજબૂરીઆં રહી હોગી. હજી સ્થિતિ એટલી વણસી નથી કે સામુહિક મતદારો પર સામુહિક પ્રભાવ પાડી શકે. પરંતુ જેમને ખૂદકુશી કરવી હોય તો કેવી રીતે રોકવા? બાકી ભાજપના ચોપડે પણ અસાધારણ સિધ્ધિઓ લખાયેલી જ છે. થોડું કોર્સ કરેકશન કહવાની જરૂર છે.

અખિલેશ યાદવ મહેનતમાં લાગી ગયા છે. એ જાણે છે કે જે પક્ષ સતત ત્રણ વખત મહત્ત્વની ચૂંટણીઓ હારી જાય તેને સુગઠિત રાખવાનું મુશ્કેલ છે. લોકસભાની ગઈ ચૂંટણીઓમાં એમના પક્ષને ભાગ્યે જ કોઈ બેઠકો મળશે એવી ધારણા હતી ત્યારે એ COમાંથી 37 બેઠકો જીતી ગયા. પરંતુ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ પાછળ મત આપવા બાબતમાં પ્રજાના પોતાના તર્કો હોય છે. યોગીજીને પ્રજાએ હરાવી નથી, પરંતુ દિલ્હી સરકારને મતશક્તિનો પરિચય આપ્યો છે. પ્રજા જાણે છે કે જ્યારે યોગીજીને હરાવવા જશે ત્યારે લોકની તમામ સુખાકારીઓ પર નોંધપાત્ર ફરક પડશે. ફરીથી માફિયા રાજ કોઈ પ્રજા સ્વીકારે ખરી? તો જ સ્વીકારે જો એવા તત્કાળ ગુસ્સામાં આવી જાય કે હું મરું પરંતુ તને વિધવા કરું. યોગી આદિત્યનાથ પર પ્રજાનો આટલી હદે ગુસ્સો ફૂટે એવી કોઈ શક્યતા નથી અને કારણો નથી. ભાજપે વારંવાર કરી બતાવ્યું છે અને તેથી લોકોમાં પાકી ધારણ બંધાઈ ગઈ છે કે ભાજપ સાવ હારી ન જાય તો યેન કેન પ્રકરણ ખુરશી ટકાવી રાખવાનો પ્રબંધ કરી લે છે. પરંતુ ભાજપના ટોચના નેતાઓ આવું માનવા માંડે તો તે અસ્તિત્વ માટૈ સારો વિચાર નથી. ડોશી સોમવારના દિવસે સોમવાર વ્રત કરે. રોજેરોજ કરવાનું ના હોય! જો કે અગાઉ માયાવતી આકાશ સામે બે વખત આકરાં પગલાં લઈ ચૂક્યાં છે. મમતાની માફક સાવ આંધળા મોહમાં નથી અને એ મોહના મમતાને મળેલા પરિણામોથી માયાવતી વધુ સાવચેત બન્યાં હશે. છતા આ ફોઈ પણ મમતાની માફક, જનનાની સુખાકારીના બદલે કુટુંબપ્રેમને વધુ મહત્વ આપે છે એ હવા આજે નવા પરિપ્રેક્ષ્યમાં ફેલાવાનું કે ફેલાવવાનું લેન્ડસ્લાઈડ વિજય મળ્યો ત્યારબાદ બસપાની શક્તિમાં ઊત્તરોતર ઘટાડો થયો છે.  આજે પક્ષનો એક પણ સાંસદ નથી અને વિધાનસભામાં માત્ર એકજ વિધાયક છે. માયાવતી આજે ખતમ થઈ ગયેલાં શક્તિ ગણાય છે, પણ અમુક સંજોગો, વાર, લગન, યોગ, તિથી અનુકૂળ બને તો કોઈપણ શક્તિ ફરી જીવિત બની શકે છે.